INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૦૨-૦૧-૨૦૨૬**

- **એનએસયુઆઈ દ્વારા સ્કુલ, કોલેજોમાં તા. ૨ જાન્યુઆરીથી "ડ્રગ્સ મુક્ત કેમ્પસ" કેમ્પેઈનનો પ્રારંભ: ૨૦૦ જેટલા શૈક્ષિણક કેમ્પસ અને ૧૦૦૦ જેટલી કોલેજમાં યોજાશે સંવાદ સાથે સંકલ્પ.**
- **ગુજરાતના ભવિષ્યને ડ્રગ્સ પોતાના ભરડામાં લઈ રહ્યું છે ડ્રગ્સ વિરુદ્ધ લડાઈ એ આપણી નૈતીક ફરજ : ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલ**
- **ગુજરાતના યુવાનો ડ્રગ્સ મુક્ત કેમ્પસ માટે "હું ડ્રગ્સ લઈશ નહીં કે લેવા દઈશ નહીં" લીધી પ્રતિજ્ઞા**

ગુજરાતમાં ચાલતા ડ્રગ્સ, દારૂનો બેફામ વેપલાને રોકવા અને શાળા, કોલેજનાં કેમ્પસને ડ્રગ્સ મુક્ત કેમ્પસ બનાવવાના સંકલ્પ સાથે એનએસયુઆઈના કેમ્પેઈન લોન્ચિંગ સમારોહમાં ઉપસ્થિત ૧૦૦૦થી વધુ કોલેજના વિધાર્થીઓ અને યુવાઓને આક્રમક શૈલીમાં સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખશ્રી ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલએ જણાવ્યું હતું કે ગુજરાતમાં બેરોકટોક ડ્રગ્સના કાળા કારોબારના લીધે યુવા પેઢી બરબાદ થઈ રહી છે અનેક પરિવાર પારાવાર મુશ્કેલીઓ-વ્યથા સાથે જીવન જીવી રહ્યા છે. ગામડાઓ અને કોલેજ સુધી ડ્રગ્સ પહોંચ્યી ગયું છે. ગુજરાતના ભવિષ્યને ડ્રગ્સ પોતાના ભરડામાં લઈ રહ્યું છે. એનએસયુઆઈ પોતાની નૈતીક ફરજ સમજીને આ લડાઈ શરૂ કરી રહી છે. "ડ્રગ્સ મુક્ત કેમ્પસ" ના નેજા હેઠળ આ અભિયાન ગુજરાતને બચાવવા માટેનું છે. ડ્રગ્સના અલગ અલગ પ્રકાર છે જે કોલેજ કેમ્પસમાં આસાનીથી મળે છે.ડ્રગ્સ પેડલર છટકબારી શોધીને કોલેજ કેમ્પસમાં પહોંચી રહ્યા છે ૧૭૦૦ થી વધારે ડ્રગ્સના કેસ નોંધવામાં આવ્યા જેમાં કન્વિક્શન રેશિયો ખૂબ ઓછો છે. સરકાર જનતાને આંકડાની માયાજાળમાં ફસાવવાનું કામ કરી રહી છે. નાના પેડલરોને પકડીને આત્મસંતોષ માની લેવાનું કામ સરકાર કરી રહી છે. પોર્ટના માધ્યમથી આવે છે તો એમની સામે પગલાં લો, એમની આંખમાં આંખ નાખીને બોલવાની હિંમત સરકારમાં નથી. બિનવારસી જથ્થો મળી આવે એવું કેવી રીતે હોય, આ જથ્થો કોનો હતો? તે સવાલ ગુજરાતનો યુવાન પૂછી રહ્યો છે. સરકાર ઉંડાણપૂર્વક તપાસ ક્યારે કરશે ?

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ અને ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ડ્રગ્સની બદીને નાથવા માટે અને ગુજરાતને ઊડતા ગુજરાત બનતું અટકાવવા માટે યુવાનો, તેના વાલીઓએ સહિયારો પ્રયાસ કરવો પડશે. ડ્રગ્સ જેવા તુચ્છ નશાથી દૂર રહી સાચા અર્થમાં યુવાનોમાં ભગતસિંહ, સુખદેવ, રાજગુરૂ, ચંદ્રશેખર આઝાદ, અશફાક ઉલ્લાખાન જેવા ક્રાંતિકારીઓ જેમ દેશભક્તિ અને દેશ સેવા જેવો ઉચ્ચ કોટીનો નશો હોવો જોઈએ. ગુજરાત રાજ્યમાં બેરોકટોક ચાલતા ડ્રગ્સના કાળા કારોબાર કોની રહેમ નજર નીચે ચાલી રહ્યા છે તે સવાલ યુવાનોને પૂછ્યો હતો. તેના જવાબમાં એકસુરે યુવાનોએ પ્રદેશના લીલી પેન વાપરતા ૮ પાસ ગૃહ મંત્રીના રાજીનામાંની માંગનો નારો લગાવ્યો હતો.

ગુજરાત એનએસયુઆઈના પ્રમુખશ્રી નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે આ રાજકારણનો વિષય નથી પણ આ મુદ્દાને નાથવા માટે એન.એસ.યુ.આઈ. આગળ આવ્યા છીએ. નવા વર્ષે ગુજરાત એનએસયુઆઈનો સંકલ્પ "ડ્રગ્સ મુક્ત કેમ્પસ" થકી ગુજરાત અને કોલેજમાં 'ડ્રગ્સ મુક્ત કેમ્પસ' અભિયાન ચાલુ કરવામાં આવશે. તમામ કેમ્પસના યુવાનો "હું ડ્રગ્સ લઈશ નહીં કે લેવા દઈશ નહીં" તેવી પ્રતિજ્ઞા લેશે. વર્ષ ૧૮ થી ૨૫ વર્ષના યુવાનો ડ્રગ્સના રવાડે ચઢી રહ્યા છે. ગુજરાતમાં ૨૦ લાખ યુવાનો ડ્રગ્સ-દારૂનાં બંધાણી બન્યા છે જે ખુબ ચિંતાજનક છે. ગુજરાતના યુવાનોને ડ્રગ્સથી દૂર રાખવા માટેનો અમારો પ્રયાસ છે. તા.૫ થી ૨૦ જાન્યુઆરી સુધીમાં ૧૦૦૦ કોલેજ અને ૨૦૦ શૈક્ષિણક કેમ્પસમાં અમારા વોરિયર ડ્રગ્સથી દૂર રાખવા માટે અવેરનેસ કેમ્પેઈન ચલાવશે. વિદ્યાર્થીઓ સાથે જેણે ચર્ચા કરશે અને અમારો વીડિયો યુવાનો અને માતા પિતા સુધી પહોંચાડીશું

ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે આયોજિત 'ડ્રગ્સ મુક્ત કેમ્પસ' કેમ્પઈન લોન્ચ કાર્યક્રમમાં સેવાદળના રાષ્ટ્રીય સંયોજક શ્રી લાલજીભાઈ દેસાઈ, અમદાવાદ શહેર કોંગ્રેસ અધ્યક્ષશ્રી સોનલબેન પટેલ, પ્રદેશ મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ.મનીષ દોશી, પ્રદેશ યુથ કોંગ્રેસ પ્રમુખશ્રી ડૉ.પ્રવિણસિંહ વણોલ, પૂર્વ પ્રમુખશ્રી હરપાલસિંહ ચુડાસમા, શ્રી ગુલાબસિંહ રાજપૂત, એસસી સેલના ચેરમનશ્રી હિતેન્દ્ર પીઠડીયા, પ્રદેશ પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયા,પૂર્વ એન.એસ.યુ.આઈ પ્રમુખશ્રી મહિપાલસિંહ ગઢવી, શ્રી આદિત્યસિંહ ગોહિલ, યુથ કોંગ્રેસ ઉપપ્રમુખશ્રી પ્રદીપભાઈ ભરવાડ, શ્રી શાહનવાઝ શેખ, શ્રી શેરખાન પઠાણ, અમદાવાદ શહેર એનએસયુઆઈના પ્રમુખશ્રી ચિરાગ દરજી, પ્રદેશ એનએસયુઆઈ, યુથ કોંગ્રેસનાં હોદ્દેદાર, પદાધિકારી સહિત સમગ્ર રાજ્યમાંથી વિવિધ શૈક્ષણીક કેમ્પસના એન્ટી ડ્રગ્સ કેમ્પેઈનના કેમ્પસ કન્વીનરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. એનએસયુઆઈ દ્વારા 'ડ્રગ્સ મુક્ત કેમ્પસ' માટેનું કેમ્પેઈન સત્તાવાર રીલીઝ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં બેન્ડ સાથે ડોક્યુમેન્ટરી અને ડ્રગ્સ અંગેની હકીકતો સાથેનું પીપીટી દર્શાવવામાં આવી હતી. રાષ્ટ્રગાન બાદ સમગ્ર કાર્યક્રમનું સમાપન થયું હતું.

(ડૉ. હિરેન બેન્કર)
પ્રવક્તા, ગુજરાત કોંગ્રેસ

**નોંધઃ આ સાથે "ડ્રગ્સ મુક્ત કેમ્પેઈન" કાર્યક્રમના ફોટોગ્રાફ્સ આપશ્રીને ઈ-મેઈલ કરવામાં આવ્યાં છે.**